ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન પાટણ,
જી.પાટણના રીનોવેશન કામ કરવા માટે
ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW-૧૦૮૭-૪૫૯૫-ગ,ભાગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૬/3/૨૦૧૭.

વંચાણે લીધાઃ

(૧) સા.ન્યા.અને અ.વિ.ના તા.૧૮-૬-૨003ના ઠરાવ SCW-૧૦૮૭-૪૫૯૫-ગ, ભાગ-૨

(૨) સા.ન્યા.અને અ.વિ.ના તા.૧૬-3-૨૦૦૫ના ઠરાવ SCW-૧૦૮૭-૪૫૯૫-ગ, ભાગ-૨

(3) નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણના તા.૧-૦૨-૨૦૧૭ ના પત્ર કઃઅજાક/મ- ૪/30/ ૨૦૧૭/૧૦૧૪-૧૦૧૬

ઠ રા વઃ

ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન પાટણ, જી.પાટણના ખાતે ભવનના બાંધકામ માટે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ- (૧) ના ઠરાવથી રૂ. ૨૪,૪૭,૦૦૦/- લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ આમુખ ક્રમ- (૨) ના તા.૧૬-૦3-૨૦૦૫ દર્શાવેલ ઠરાવથી રૂ.3૫,૦૦,૦૦૦/-લાખ ના ઠરાવથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને આમુખ ક્રમ- (3) પરના નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ના તા.૧-૦૨-૧૭ ના દર્શાવેલ પત્રથી ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન પાટણ, જી.પાટણના રીનોવેશન કામ કરવા માટે રૂ.૧૦,૦3,૪૦૦/- (અંકે રૂપિયા દશ લાખ ત્રણ હજાર ચારસો પુરા) નો ખર્ચ કરવાની મંજુરી આપવા માટેની દરખાસ્ત રજુ કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન પાટણ, જી.પાટણના રીનોવેશન અંગે રૂ.૧૦,૦3,૪૦૦/- (અંકે રૂપિયા દશ લાખ ત્રણ હજાર ચારસો પુરા) નાં ખર્ચને આ યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ - ૨૦૧૬-૧૭માં કુલ રૂા.૧૨,૦૧.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા બાર કરોડ એક લાખ વીસ હજાર પુરા)ની જોગવાઇ થયેલ છે. સદરહુ જોગવાઇમાંથી આ રકમ રૂા.૧૦,૦3,૪૦૦/- (અંકે રૂપિયા દશ લાખ ત્રણ હજાર ચારસો પુરા)નો ખર્ચ થઇ શકે તેમ છે. જેથી આ ખર્ચ કરવા માટે કોઇ વધારાની રકમની જોગવાઇ કરવાની થતી નથી. જે ધ્યાને લઇ આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનું ખર્ચ માંગણી નંબર ૯૫ આયોજન (ખ) સામાજિક સેવાઓ મુખ્ય સદર- ૨૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ પેટા સદર – ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- ૧૦ – બીસીકે-૪૯ – ડૉ.બાબાસાહેબ આંબેડકર

ભવનનો નિભાવ અને વિકાસ હેડ ચાર્જેબલ ૨૨૨૫ ૦૧ ૮૦૦ ૧૦ સ્કીમ નંબર ૧૩૮૦૨૪ બજેટનો પ્રકાર-ડ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગના સચિવશ્રી(ખર્ચ)ની તા.૧-૦૩-૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઘનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.પાટણ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ. પાટણ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) જીલ્લા પંચાયત જિ.પાટણ
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ (સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
સીલેકટ ફાઇલ.